### ૩. પ્રશિક્ષણ



ગુજરાત રાજ્યની પ્રશિક્ષણ સંસ્થાઓના શિક્ષકોની ગુણવત્તાનું સંવર્ધન થાય તે માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પ્રતિબદ્ધ છે. અન્ય બધી જ સુવિધાઓ પ્રાપ્ત હોય પરંતુ શિક્ષકો પર્યાપ્ત માત્રામાં પ્રશિક્ષિત ન હોય તો કોઈ સુધારાઓ સાર્થક બનતા નથી.

આ સંદર્ભમાં યુનિવર્સિટી નીચેના કાર્યક્રમો હાથ ધરશે :

- યુનિવર્સિટી દ્વારા સંચાલિત સ્નાતક, અનુસ્નાતક પદવી માટેના પ્રશિક્ષણ અભ્યાસક્રમો
- યુનિવર્સિટીના કેમ્પસ પર, વિદ્યાનિકેતનો અને અન્ય સંસ્થાઓમાં સેવાકાલીન પ્રશિક્ષણ વર્ગો
- પ્રશિક્ષણ સંસ્થાઓના પ્રશિક્ષકોને સુસજ્જ કરવા માટેના વર્ગો, સેમિનાર, વર્કશોપ, ગ્રીષ્મશાળા
- પ્રશિક્ષણ સાહિત્યની રચના અને પ્રકાશન

### ૪. વિસ્તરણ સેવાઓ



યુનિવર્સિટી પોતાનાં સંસાધનો અને તજ્જ્ઞોનો લાભ રાજ્યની હરકોઈ બાળ-શિક્ષણ સંસ્થાને મળે તે માટે વિસ્તરણ સેવાઓનું પ્રબંધન કરશે. આ સેવાઓનું સ્વરૂપ અને હેતુઓ આ પ્રમાણે હશે :

- ✧ બાળશિક્ષણ સંસ્થાઓ, રાજ્યની પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં યુનિવર્સિટીના તજ્જ્ઞો દ્વારા વર્કશોપ, પ્રવચનો, સલાહકાર્ય
- ✧ સંગીત, યોગ, ચિત્રકલા, મૂર્તિકલા, કઠપૂતળી દ્વારા શિક્ષણ
- ✧ ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત સંભાષણ
- ✧ માતૃભાષા સજ્જતા, વાચનરસ વિકાસ
- ✧ રાજ્ય સરકાર કે અન્ય સંસ્થાઓ દ્વારા સંચાલિત તપોવન (સગર્ભા માતાઓ તથા પરિવાર શિક્ષણ-સંશોધન કેન્દ્ર)માં માર્ગદર્શન અને શિક્ષણ
- ✧ આંગણવાડી કાર્યકર્તાઓ તથા માબાપના શિક્ષણ માટેના કાર્યક્રમો (માતા-પિતાની પાઠશાળા)
- ✧ પ્રાથમિક - માધ્યમિક શાળાઓ, ગ્રામપંચાયતો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને બાળશિક્ષણ સાથે સંકળાયેલી સ્વૈચ્છિક સંસ્થાઓને સંસાધન તથા તજ્જ્ઞોની સુવિધા પૂરી પાડવી

### ૫. પ્રવૃત્તિઓ :

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ઉપર નિર્દેશિત કાર્યક્રમો દ્વારા ૩૬૦°નું બાળશિક્ષણ રાજ્યભરમાં ચલાવશે. બાળકો - તરુણોની વિધાયક શક્તિના સંવર્ધન દ્વારા જીવનની ગુણવત્તાને ઉત્કૃષ્ટતાની કક્ષા સુધી લઈ જવાનો આ એક મહા-પ્રકલ્પ છે. પોતાના કાર્યને વ્યાપક બનાવવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી નીચેના જેવી આનુષંગિક પ્રવૃત્તિઓ કરશે :

- ◉ પ્રકાશન : વયજૂથ પ્રમાણે બાલવાર્તાઓ, ગીતો, નાટકો, સામયિકો
- ◉ e-contents, મલ્ટીમીડિયા કાર્યક્રમો
- ◉ બાલશિક્ષણ સંસ્થાઓનું ગુણવત્તામાપન
- ◉ પ્રતિભાવંત બાળકો, શિક્ષકો, કેળવણીકારો, બાલસાહિત્ય સર્જકોને સન્માન અને પુરસ્કાર
- ◉ ગુર્જર તરુણવાહિની (Young Brigade of Gujarat) ના ગઠન દ્વારા ગુજરાતના શિક્ષણમાં સ્વયં બાળકોના 'અવાજ'નો મહિમા
- ◉ બાળ પારમિતા કેન્દ્ર (બાલપુરમ્)નું નિર્માણ




**ચાલો, ગુજરાતને સમગ્ર વિશ્વની જીવનશિક્ષણની મહાવિદ્યાપીઠ બનાવીએ...**



સત્યમ્ ઋતમ્ બૃહત્

**"પ્રત્યેક બાળક મહત્ત્વનું છે"**

"Every child matters"




# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

## બાળ વિશ્વવિદ્યાલય

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૬૨, ૨૩૨૪૪૫૭૬
e-mail : vccu.gujarat@gmail.com
Website : www.cugujarat.ac.in



# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

**સ્થાપના : જુલાઈ - ૨૦૦૯ : ગાંધીનગર**







ગુજરાત રાજ્યના સર્વક્ષેત્રીય વિકાસની આધારશિલા છે - ગુજરાતનાં બાળકોનો બહુઆયામી વિકાસ. બાળકો, કિશોરો અને તરુણોની શક્તિઓનું સંવર્ધન કરી તેનો વિનિયોગ કરવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના જુલાઈ, ૨૦૦૯ ના અધિનિયમથી કરવામાં આવી છે. અમારું ધ્યેયસૂત્ર છે : **પ્રત્યેક બાળક મહત્ત્વનું છે.** અર્થાત્ દરેક બાળકમાં રહેલી અણુરૂપ શક્તિનો પ્રસ્ફોટ કરીને એના અભૂતપૂર્વ સામર્થ્યને સક્રિય અને સમાજોપયોગી બનાવવું.

માત્ર બાળકો (ગર્ભસ્થ શિશુથી માંડીને ૧૮ વર્ષની ઉંમર સુધીના) માટે જ કાર્યશીલ હોય તેવી ભારતની આ એકમાત્ર યુનિવર્સિટી છે. સમગ્ર વિશ્વમાં અન્ય ચાર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી છે જે મહદ્ અંશે બાળવિકાસલક્ષી મર્યાદિત પ્રવૃત્તિઓ કે કાર્યક્રમો જ કરે છે. બાળકના ગર્ભસંસ્કારથી માંડીને તરુણોની પ્રચંડ શક્તિઓને સક્રિય કરવા માટે સૈદ્ધાંતિક, સંશોધનાત્મક, શૈક્ષણિક અને વિસ્તરણ માટેની સમન્વિત કાર્યયોજનાનો ગહન ને લાંબાગાળાનો વિચાર કરનાર આ પ્રથમ યુનિવર્સિટી છે.

## દર્શન

અમે પ્રત્યેક બાળકનો એક ચૈતસિક (spiritual) સત્તા (being) કે સ્વ-સાક્ષાત્કારના યાત્રી તરીકે બિનશરતી સ્વીકાર કરીએ છીએ. બાળકની અનન્યતા અને આનંદશીલતાનું સંરક્ષણ, સંવર્ધન અને પ્રગટીકરણ કરવાની અમારી મુખ્ય નેમ છે. કારણ કે વ્યક્તિની આંતરિક શક્તિઓના સમન્વય અને સંયોજનમાંથી જ સમાજ તથા રાષ્ટ્રની ગુણવત્તાનું નિર્માણ થાય છે. આ સિવાયના પ્રયાસો માત્ર બાહ્ય કે ભૌતિક પ્રગતિ જ લાવી શકે. ભારતીય વિચારણા અને સાંસ્કૃતિક વ્યવહારોના પાયા પર તરુણ અવસ્થા સુધીની વ્યક્તિનું નિર્માણ થાય તો રાષ્ટ્ર અને રાજ્યના વિકાસનો પ્રવાહ જ ધરમૂળથી બદલાઈ જાય. અમુક કાર્ય કે હોદ્દા માટે બાળકનું માનવ્ય (મનુષ્યપણું) ખતમ કરી નાખવાનું ષડ્યંત્ર બંધ કરીને વધુ ઉન્નત ધ્યેય માટે મનુષ્યને સક્ષમ બનાવવાનું વિશિષ્ટ યુગકાર્ય આ યુનિવર્સિટી હાથ ધરવા ચાહે છે.



પ્રો. કિરીટ જોશી

## ૧. સંશોધનકાર્ય

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું સૌથી વિસ્તૃત, વિશિષ્ટ અને મૂળગામી કાર્ય છે - બાળકો અંગેનાં સંશોધનો હાથ ધરવાનું. જ્યાં સુધી આપણી પાસે ભારતીય કે ગુજરાતનાં બાળકોની વિકાસશૈલી, જીવનશૈલી, વિચાર કે ભાવશૈલી વિશેનું સંશોધન આધારિત જ્ઞાન ન હોય ત્યાં સુધી બાળકોના શિક્ષણને વાસ્તવિક કે સાચુકલું સ્વરૂપ આપી ન શકાય. સંશોધન અંતર્ગત આ યુનિવર્સિટીની કામગીરી આ પ્રકારની રહેશે -



- યુનિવર્સિટીમાં સંશોધન વિભાગ કાર્યરત કરવો.
- ગર્ભસ્થ શિશુથી માંડીને તરુણાવસ્થા સુધીના સર્વલક્ષી વિકાસ/શિક્ષણ અંગેનાં સંશોધનો હાથ ધરવાં.
- રાજ્યમાં, ભારતમાં કે આંતરરાષ્ટ્રીય સ્તરે થતાં સંશોધનોનું સંકલન-સંયોજન કરી તેમાંથી જ્ઞાન નિપજાવવું.
- ભારતીય વિચારણા અને ધ્યેયોના સંદર્ભમાં બાળશિક્ષણનું સ્વરૂપ અને પદ્ધતિઓ અંગેનાં સંશોધનો કરવાં.
- ભારતીય ચેતના અને અદ્યતન ટૅક્નોલોજીનો સમન્વય કરનાર શિક્ષણ યોજનાઓ ઘડવી.
- અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, વર્ગશિક્ષણ પદ્ધતિઓ, પરીક્ષણ અને પ્રશિક્ષણની ગુણવત્તા સુધારણા માટેનાં સંશોધનો હાથ ધરવાં.
- વિજ્ઞાન અને અધ્યાત્મના સુગ્રથન દ્વારા શિક્ષણના સ્વરૂપમાં પરિવર્તન લાવવું.



## ૨. શિક્ષણ



યુનિવર્સિટી પોતાનાં શિક્ષણભવનો, પ્રશિક્ષણ કૉલેજો, નમૂનારૂપ માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, પ્રાથમિક શાળાઓ, બાલમંદિરો, આંગણવાડીઓ અને શિશુવાટિકાઓ વિકસાવશે. આ બધી સંસ્થાઓ યુનિવર્સિટી દ્વારા થયેલાં સંશોધનોનાં પરિણામોનું અમલીકરણ કરવાની પ્રયોગશાળાઓ બનશે. ત્યાં પ્રયોગસિદ્ધ થયેલું જ્ઞાન અને પરિવર્તનો પછીથી રાજ્યની બધી શિક્ષણસંસ્થાઓ સુધી પહોંચાડવામાં આવશે.

યુનિવર્સિટી દ્વારા સૂચિત શિક્ષણ કાર્યક્રમોની વિશેષતા આ પ્રમાણે રહેશે :

- અભ્યાસક્રમ, પરીક્ષણ, સહાભ્યાસ પ્રવૃત્તિઓ અને વ્યક્તિમત્તા વિકાસમાં ભારતીય અભિગમ
- જીવનવિદ્યા (Life Skills), સમગ્રતાલક્ષી સ્વાસ્થ્ય અને સૌંદર્યબોધના શિક્ષણ પર વિશેષ ઝોક
- ‘પંચકોશાત્મક વ્યક્તિત્વ’ની સંકલ્પનાના આધારે વ્યક્તિત્વ વિકાસ
- વ્યાવસાયિક કૌશલો, કમ્પ્યૂટર ટૅક્નોલૉજી અને ભારતીય પ્રજ્ઞા (wisdom) નો સમન્વય
- માતા-પિતા અને પરિવારના શિક્ષણ તેમજ સંશોધન માટે આંગણવાડી તથા તપોવન કાર્યક્રમનું સંચાલન
- પૂર્ણ સમયના અને કેમ્પસ પરના, દૂરવર્તી તથા ઓનલાઈન - એમ વિવિધ પ્રકારના અભ્યાસ કાર્યક્રમો દ્વારા પી.એચ.ડી., અનુસ્નાતક, સ્નાતક, ડિપ્લોમા, સર્ટિફિકેટ કક્ષાના અભ્યાસક્રમો

